આકાશવાણી, અમદાવાદ

21-04-2026 Midday: 2.30 to 2.35 pm

Tuesday Regional News

## POLITICAL CAMPAIGN

રાજ્યમાં આ રવિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ રાજકીય નેતાઓ પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. આ સાથે જ રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર પણ જોવા મળી રહ્યો છે. ત્યારે ભાજપના સ્ટાર પ્રચારક અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે બનાસકાંઠામાં પ્રચાર કર્યો. તેમણે વડગામમાં વિકાસ સંકલ્પ સભા સંબોધી રાજ્ય સરકારની સિદ્દિધઓ ગણાવી હતી.

બીજી તરફ, આમ આદમી પાર્ટીના નેતાઓ પણ રાજ્યભરમાં પ્રચાર કરી રહ્યા છે. પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રાજકોટમાં વૉર્ડ નંબર 18માં ઘરેઘરે જઈ પ્રચાર કર્યો. જ્યારે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મોરવાહડફના રાજ્યતા ખાતે વિજય વિશ્વાસ સભા સંબોધી હતી. જ્યારે પાર્ટીના સાંસદ સંજય સિંહ આજે સુરતમાં વૉર્ડ નંબર 25 અને 23માં વિજય વિશ્વાસ સભા સંબોધશે.

## BHAVNAGAR ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે. તમામ રાજકીય પક્ષોએ પ્રચારમાં એડીચોટીનું જોર લગાવ્યું છે. ત્યારે ભાવનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## ELECTION SUVIDHA

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. જાહેર આરોગ્યના અધિક નિયામકે જાહેર કરેલ પરિપત્રમાં જણાવાયું છે કે ગરમીના કારણે મતદાન કેન્દ્રો તથા મત ગણતરી કેન્દ્રો પર ફર્સ્ટ એઈડ કીટ અને ઓઆરએસ ઉપલબ્ધ કરાવાશે. આરોગ્ય વિભાગ દ્વારા મોબાઈલ મેડિકલ ટીમ પણ બનાવવામાં આવશે. આ અંગે તમામ જિલ્લા આરોગ્ય અધિકારીને સૂચના આપવામાં આવી છે.

## TAPI VOTING

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાન પ્રક્રિયા ચાલી રહી છે, જેના ભાગરૂપે તાપી જિલ્લામાં પણ આજે બેલેટ મતદાન સવારે નવ કલાકથી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થયું છે. આ અંગે ચૂંટણી અધિકારી ધવલ મદાતે વધુ માહિતી આપી.

## DISTRICT PROGRAMMES

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત વિવિધ જિલ્લામાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી અને ચોટીલા તેમજ થાનગઢમાં મતદારોને મતદાન પ્રક્રિયાથી અવગત કરાવવા માટે EVM - ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને VVPAT નિદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં નાગરિકોને EVM મશીન દ્વારા મતદાન કરવાની પદ્ધતિ અને VVPAT મશીનમાં પોતાનો મત કયા ઉમેદવારને મળ્યો છે તેની ખાતરી કઈ રીતે કરવી, તે અંગે પ્રત્યક્ષ જાણકારી આપવામાં આવી હતી. મતદાતાઓમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ મતદાન થાય તેવા ઉદ્દેશ સાથે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગર સેવા સદન ખાતે ખાતે સાયકલ રેલી અને વોક પરેડનું આયોજન કરાયુ.

બીજી તરફ  અરવલ્લી જિલ્લામાં ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા અધિકારીઓ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી.

## CIVIL SERVICE DAY

સમગ્ર દેશમાં આજે "વિકસિત ભારત – નાગરિક કેન્દ્રીત શાસન અને છેવાડા સુધી વિકાસ"ની વિષયવસ્તુ હેઠળ 18-મા રાષ્ટ્રીય સનદી સેવા દિવસની ઉજવણી થઈ રહી છે. પાયાના સ્તરે સરકારની યોજનાઓ અને નીતિઓનું અમલીકરણ કરાવવામાં સનદી સેવા મહત્વની ભૂમિકા ભજવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા સંદેશમાં સનદી સેવકોને શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે લખ્યું, પોતાના પ્રતિભા, જ્ઞાન, પુરુષાર્થ અને કૌશલ્ય થકી રાષ્ટ્રનિર્માણમાં શ્રેષ્ઠ યોગદાન આપી રહેલા સૌ સનદી અધિકારીઓને આજના દિવસની હાર્દિક શુભકામના.

વિકસિત ભારતના નિર્માણમાં અને જનકલ્યાણકારી યોજનાઓની રચના તથા અમલીકરણમાં સનદી અધિકારીઓનું યોગદાન ખૂબ મહત્ત્વનું બની રહેશે તેવો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

## VALSAD FOOD N DRUGS

ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓને દંડની સાથે સજાની જોગવાઈ કરવા માગણી કરવામાં આવી છે. વલસાડ જિલ્લાની સંસ્થા અખિલ ભારતીય ઉપભોક્તા ઉત્થાન સંગઠન દ્વારા પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીને ભેળસેળના નમૂનાઓની ઝડપી ચકાસણી માટે દરેક જિલ્લામાં પ્રયોગશાળા તથા ખાદ્ય અને ઔષધ નિયંત્રણની કામગીરીને ઝડપી તથા અસરકારક બનાવવા માટે મહેકમ વધારવાની પણ માગણી કરાઈ છે.

## MAHISAGAR HOMEGUARD INJURED

મહીસાગરમાં ગુજરાત ઈલેક્ટ્રિસિટી બૉર્ડ – G.E.B.નો વીજળીનો થાંભળો ધરાશાયી થતા ગૃહરક્ષક દળના એક જવાન ઈજાગ્રસ્ત થયા છે. લુણાવાડાથી પટ્ટણ તરફ જતા એક માર્ગ પર થયેલી આ દુર્ઘટનામાં ગૃહરક્ષક દળના જવાનને ગળાના ભાગે ગંભીર ઈજા થતાં તેમને હૉસ્પિટલ ખસેડાયા છે.